તા.૯/૬/૧૮

રાજકોટ મહાનગરપાલિકાની જુનિયર કલાર્ક સંવર્ગની કુલ ૫૯ ખાલી જગ્યાઓ ભરવા ઓનલાઈન અરજીઓ મંગાવામાં આવેલ જેના અનુસંધાને ગત તા.૨૫/૦૩/૨૦૧૮નાં રોજ જુદા જુદા સ્થળોએ લેખિત પરીક્ષા રાખવામાં આવેલ અને જેની આન્સર કી અને તેના વાંધા સુચનો ગત તા.૧૬/૦૪/૨૦૧૮ સુધીમાં આધારપુરાવા સાથે નિયત નમૂનામાં મહેકમ શાખા, રાજકોટ મહાનગરપાલકા ખાતે જમા કરાવવા જણાવવામાં આવેલ ત્યારબાદ વાંધા સૂચનોને ધ્યાને લઈને ફાઈનલ આન્સર કી, રીઝલ્ટ અને મેરીટ લીસ્ટ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

જુનિયર ક્લાર્ક સંવર્ગની જાહેરાત ક્રમાંક:૦૨/૨૦૧૭ માં બીજા તબ્બકામાં જે ઉમેદવાર પ્રથમ તબક્કામાં ઉતિર્ણ થયા હશે અને કુલ જગ્યાના ૬(છ) ગણા ઉમેદવારોને કોમ્પ્યુટર વિષયક અંગ્રેજી/ગુજરાતી ટાઈપીંગ ટેસ્ટ લેવામાં આવશે. જેમાં અંગ્રેજી / ગુજરાતી વિષયમાં ડેટા એન્ટ્રી તથા કોમ્પ્યુટર ટાઈપીંગની ચોક્કસાઈપૂર્વકની ન્યુનતમ ૫૦૦૦ કી ડિપ્રેશન પર અવર/૧૭ વર્ડ પર મિનિટની ન્યુનતમ સ્પીડ હોવી જોઈશે તેમ જણાવેલ છે જેથી નીચે દર્શાવેલ કેટેગરી મુજબ કુલ ખાલી જગ્યાના ૬ (છ) ગણા ઉમેદવારોને આગામી **કોમ્પ્યુટર વિષયક અંગ્રેજી/ગુજરાતી ટાઈપીંગ ટેસ્ટ** માં બોલાવવાના થાય છે જેની વિગતો નીચે મુજબ છે.

| વિગતો | જનરલ | અનુ. જાતિ | અનુ.જન. જાતિ | સા.શૈ.પ | કુલ |
|---|---|---|---|---|---|
| કેટેગરી મુજબ જગ્યાઓ | ૩૨ | ૦૦ | ૦૫ | ૨૨ | ૫૯ |
| ૬ ગણા ઉમેદવારો | ૧૯૨ | ૦૦ | ૩૦ | ૧૩૨ | ૩૫૪ |
| બોલાવવાના થતા ઉમેદવારોની વિગત | મેરીટ લીસ્ટ ૧ થી ૧૯૨ | ૦૦ | અનુ.જન.જાતિ. મેરીટ લીસ્ટ ૧ થી ૩૨ | મેરીટ લીસ્ટ ૯૭ થી ૨૨૮ | |

ઉક્ત ઉમેદવારોને કોમ્પ્યુટર વિષયક ટેસ્ટ માટે રજીસ્ટર્ડ મોબાઈલ પર મેસેજથી જાણ કરવામાં આવશે.